**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૦૪/૨૦૧૮ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૭૫/૧૮**

## આઈ.પી.એલ. મેચ માં સટ્ટો રમતા સાત (૭) ઇસમોને ક્રીકેટ સટ્ટો રમવાના સાધનો તથા રોકડ રકમ સહીત કિં.રૂ. ૯,૬૧,૫૧૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં વધતા જતા જુગાર તથા દારૂના ગુનાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ ક્રાઈમ બ્રાન્ચના જે.સી.પી. શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા ના.પો.કમિ.શ્રી દિપન ભદ્રન તથા અધીક ના.પો. કમિ.શ્રી ડૉ. રાજદીપસિંહ ઝાલા નાઓની સુચના હેઠળ પોઇન્સ.શ્રી બી.પી.રોજીયા તથા પો.સબ ઇન્સ.શ્રી એસ.જે.જાડેજા તથા પો.સબ ઇન્સ.શ્રી એસ.બી.દેસાઈ તથા પો.સબ ઇન્સ.શ્રી આઈ.એસ.રબારી તથા સ્ટાફના માણસો ધ્વારા ગઈ તા.૨૦/૦૪/૨૦૧૮ ના કલાક ૨૩/૦૦ વાગે માધવાણી ભવન, હરીયાલી પાન પાર્લર સામે, બંગ્લા એરીયા, કુબેરનગર, અમદાવાદ શહેર ખાતે આરોપીઓ નં.(૧) મનોહર ઉર્ફે મનુ S/O રંગમલ માધવાણી ઉવ.૫૧ રહે. માધવાણી ભવન, હરીયાલી પાન પાર્લર સામે, બંગ્લા એરીયા, કુબેરનગર, અમદાવાદ (૨) રાજેશભાઇ ત્રીકમદાસ ગોલાણી ઉવ.૫૦ રહે:- મ.નં બી/૧૦૩ સત્કાર ફ્લેટ આઇ.ટી.આઇ. રોડ ગેલેક્સી સીનેમાની બાજુમાં નરોડા અમદાવાદ શહેર (૩) હરેશભાઇ ઉર્ફે હરુ S/O પ્રેમચંદ મુલચંદાણી ઉવ.૩૬ રહે:- ૪૦૧ કર્ણાવતી સુંદરવન સોસા માયા સીનેમા રોડ કુબેરનગર અમદાવાદ શહેર (૪) નાએ પોતાનું નામ ભરતભાઇ ઉર્ફે મોનુ S/O સતીષકુમાર ગોપલાણી ઉવ.૩૦ રહે:- મ.નં ૫ અર્ચના પાર્ક સોસા. બંગ્લા એરીયા કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર (૫) કિશનભાઇ ચંદુમલ ઉધાણી ઉવ૪૧ રહે:- મ,નં ૬૨૪/૩ જવાહર કોલોની આંબાવાડી સરદારનગર અમદાવાદ શહેર (૬) પ્રકાશભાઇ બાલચંદ લુલ્લા ઉવ.૪૯ રહે:- ૩૦૧ વસંતનગરી સેકટર-૧૦ ગામ.માણીકપુર તાવસઇ જી.પાલઘર મહારાષ્ટ્ર (૭) પવન પ્રકાશલાલ શર્મા ઉવ.૨૯ રહે:-મ.નં ૧/૯ પરમાનંદ સોસાયટી કિશોર સ્કુલની સામે બંગ્લા એરીયા મેઘાણીનગર અમદાવાદ નાઓ ભેગા મળી IPL સિઝન-૧૧ ની રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઇ સુપર કિંગ્સ ઇલેવન વચ્ચેની ક્રિકેટ મેચ ચાલતી હોય જે મેચ ઉપર પોતે તથા પોતાના ગ્રાહકોના મોબાઇલ ફોન દ્વારા ક્રિકેટ સટ્ટાનો હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનોમો.ફોન નંગ- ૧૧ કુલ કિં.રૂ. ૭૫,૭૦૦/- તથા અંગઝડતી ના નાંણા રૂ. ૬૯,૮૧૦/- તથા એલ.ઇ.ડી ટી.વી. વાયર તથા રિમોંટ સાથેનું કિંરૂ.૧૫,૦૦૦/- તથા જી.ટી.પી.એલ કંપનીનું સેટટોપ બોક્ષ વાયર તથા રિમોંટ સાથેનું કિંરૂ.૧,૦૦૦/- તેમજ રેનોલ્ડ ડસ્ટર ગાડી નં. GJ-01-RB-8151 કિં.રૂ. ૫,૦૦,૦૦૦/- તથા મરૂન કલરની હ્યુન્ડાઇ આઇ-૧૦ ગ્રાન્ડ કિં.રૂ. ૩,૦૦,૦૦૦/- મળી તમામની કુલ કિં.રૂ. ૯,૬૧,૫૧૦/- સાથે પકડાઈ ગયેલ જે પૈકી આરોપી (૧) રાજેશભાઇ ત્રીકમદાસ ગોલાણી (૨) કિશનભાઇ ચંદુમલ ઉધાણી (૩) પ્રકાશભાઇ બાલચંદ લુલ્લા નાઓ રેડ દરમ્યાન દારૂ પીધેલ હાલતમાં મળી આવતા તેઓ વિરૂધ્ધ જુગાર તથા પ્રોહીબીશન એક્ટ હેઠળ અલગથી કાર્યવાહી કરવામાં આવેલ છે અને સદરી ક્રીકેટ સટ્ટામાં અન્ય ઇસમો સંડોવાયેલ છે કે કેમ તે બાબતે આગળની તપાસ પોસબ ઇન્સ.શ્રી એસ.બી.દેસાઈ નાઓ ચલાવી રહેલ છે.

**અમરાઈવાડીમાં ઘરફોડ ચોરી કરનાર એક ઇસમને ચોરીના બે મો.ફોન સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં મીલકત સંબધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ ક્રાઈમ બ્રાન્ચના જે.સી.પી. શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા ના.પો.કમિ.શ્રી દિપન ભદ્રન તથા અધીક ના.પો. કમિ.શ્રી ડૉ. રાજદીપસિંહ ઝાલા નાઓની સુચના હેઠળ પોઇન્સ.શ્રી બી.પી.રોજીયા તથા પો.સબ ઇન્સ.શ્રી એસ.જે.જાડેજા તથા પો.સબ ઇન્સ.શ્રી એસ.બી.દેસાઈ તથા પો.સબ ઇન્સ.શ્રી આઈ.એસ.રબારી તથા સ્ટાફના માણસો સાથેઅમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આજરોજ તા.૨૦/૦૪/૨૦૧૮ ના અમરાઈવાડી સ્વસ્તિક ચાર રસ્તા પાસેથી આરોપી પંકજ ઉર્ફે પંકુ S/O અર્જુનપ્રસાદ રામચરણ જાતે ચૌહાણ ઉવ.૨૦ રહે. મ.નં. ૧૧, પંડીતજીની ચાલી, ભીલવાડા, અમરાઇવાડી, અમદાવાદ શહેર નાને ચોરીના**(૧)**એક ગોલ્ડન કલરનો વિવો કંપનીનો મો.ફોન તથા (૨) એક કાળાતથા લાકડા કલરનો માઇક્રોમેક્ષ કંપનીનો મો.ફોન જે બંન્ને મોફોન ની કુલ કિં.રૂ.૧૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે જડપી પાડેલ

પકડાયેલ આરોપીને પુછપરછ કરતા સને ૨૦૧૭માં પોતાને અમરાઈવાડી પો.સ્ટે.માં સીઆર.પી.સી. ૧૫૧ મુજબ અટકાયતી પગલા લેવામાં આવેલ છે અને પોતાને પૈસાની જરૂર હોય ચોરી કરવાનુ નક્કી કરેલ જેથી ચારેક મહીના પહેલા મોડી રાત્રીના અમરાઈવાડી ભીલવાડા રમકડાની ચાલીમાં એક મકાનની જાળી ખોલી મકાનમાં પ્રવેશ કરી ઉપરોક્ત બન્ને મો.ફોન તથા રોકડા રૂપીયા ૧૫,૦૦૦/- ની ચોરી કરેલ જે રોકડા રૂપીયા વાપરી નાખી ચોરી કરેલ મો.ફોન વેચવા સારૂ રાખી મુકી પકડાઈ ગયેલ હોય સદરી આરોપીને અમરાઈવાડી માં દાખલ થયેલ ઘરફોડ ચોરીના ગુનામાં સોપવા સારૂ તજવીજ કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.